**ગાંધીધામ મહાનગરપાલિકા**

**પ્લોટ નંબર. ૩૫, સેક્ટર – ૯, ગાંધીધામ – કચ્છ. પીન.૩૭૦૨૦૧**

**તા.૨૩/૦૧/૨૦૨૬**

## "અખબારી યાદી"

## ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા આદિપુર ખાતે વોર્ડ ૧/એ વિસ્તારમાં દુર કરેલ મસ્જીદ તથા અન્ય કોમર્શીયલ દબાણો વાળી મહાનગરપાલિકા ની જગ્યા પર અંદાજીત ૧.૨૫ કરોડ ના ખર્ચે લાઇબ્રેરી કમ રીડીંગ હોલ નું નિર્માણ કરવામાં આવશે.

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા થોડા દિવસો પહેલાં આદિપુર ના વોર્ડ ૧/એ વિસ્તારમાં મસ્જીદ તેમજ કોમર્સીયલ ના જે દબાણો દુર કરવામાં આવેલ છે, તે દબાણ મુકત થયેલ અંદાજે ૨૦૦૦ ચો.મી. જમીન પર મહાનગરપાલિકા દ્વારા અંદાજીત ૧.૨૫ કરોડના ખર્ચે વાતાનુકુલીત લાયબ્રેરી કમ રીડીંગ રુમ નું નિર્માણ કરવા જઇ રહી છે અને તે લાયબ્રેરી કમ રીડીંગ રુમમાં ૫૦ લોકો બેસી શકે તેવી સગવડ કરવામાં આવશે. વીજ ભારણ ઘટાડવા માટે લાયબ્રેરીમાં સોલાર પેનલની જોગવાઇ પણ રાખવામાં આવી છે. આ ઉપરાંત ઇ-લાયબ્રેરી ની સુવિધા તથા પર્યાપ્ત પાર્કીંગ તેમજ ગ્રીનસ્પેસ ની જોગવાઇ રાખવામાં આવી છે. આ લાયબ્રેરી કમ રીડીંગ હોલ નું ટેન્ડર બહાર પાડી દેવામાં આવેલ છે.

આ લાઇબ્રેરીનું નિર્માણ થવાથી આ વિસ્તારના તેમજ આજુબાજુ વિસ્તારના નાગરિકો તથા વિધાર્થીઓને વાંચવાલય ની સારી સુવિધા પ્રાપ્ત થશે. તેવું મહાનગરપાલિકાની અખબારયાદીમાં જણાવવામાં આવે છે.

(જનસંપર્ક અધિકારી)